જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.03/0૪/૨૦૨૩  સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૫૫૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૪૭૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૮ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૯૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૫૫૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૫૫૯/૨૦૨૩

**આનંદનગરઃ** મનુભાઇ ચંદુલાલ મોદી (ઉ.વ.૭૭)(રહે,અગ્રવાલ એપાર્ટમેન્ટ, મધુર હોલ પાછળ આનંદનગર ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૦૨/૦૪/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર ૧૦૦ ફુટ રોડ, ટાઇટેનિયમ કોમ્પલેક્ષ, પહેલા માળે “શ્રીજી હોલીડેઝ” ખાતે આરોપી ચેતનભાઇ શાહ (વાંકા) (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ મનુભાઇને વિશ્વાસમા લઇ, તેમના ટ્રસ્ટના સભ્યોની પ્રવાસની “અમદાવાદ થી જગન્નાથપુરી થી કલકત્તા અને તે રીતેની રીટર્ન ટીકીટ હાવડાથી અમદાવાદ” ની રેલવે ટીકીટ બુક કરાવી, તે ટીકીટો મનુભાઇની જાણ બહાર રદ કરાવી, ટીકીટો પેટે રીટર્ન મેળવી લઇ, ટીકીટોના કુલ રૂપિયા ૩,૬૭,૦૦૦/- પરત નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૬૦/૨૦૨૩**

**એરપોર્ટઃ** વિષ્ણુભાઇ ઇશ્વરભાઇ ઠાકોર (રહે.રબારીવાસ, હાંસોલ ગામ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૩ કલાક ૧/૩૦ થી કલાક ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬૧,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૧/૨૦૨૩**

**ખોખરાઃ** મોનીકાબહેન વા/ઓ પ્રદિપકુમાર રાઠોડ (ઉ.વ.૩૮) (રહે. શિવમ રો-હાઉસ મહાદેવ એવન્યુ પાસે વસ્ત્રાલ રામોલ) તા.૦૨/૦૪/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ખોખરા સી.ટી.એમ.બ્રીજના પશ્ચિમ છેડે હનુમાનનગર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરની એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ મોનીકાબહેન રાઠોડના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મોનીકાબહેન રાઠોડ એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**મણીનગરઃ** પન્નાબહેન વા/ઓ સુધીરભાઇ ભટ્ટ (ઉ.વ.૭૫) (રહે. હિરાબાગ સોસાયટી સરદાર પટેલ સ્કુલ પાછળ યુગાન્ડા પાર્કની બાજુમાં ઇસનપુર) તા.૦૨/૦૪/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે મણીનગર પ્રાણશંકર હોલ પાસે અમુલ પાર્લર પાછળ ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પન્નાબહેન ભટ્ટના ગળામાંથી સોનાની માળા કિમત રૂપિયા ૧૮,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પન્નાબહેન ભટ્ટ એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૬૨/૨૦૨૩**

**ઓઢવઃ** નવનીત સુખેન્દ્રસીંગ રાઠોર (ઉ.વ.૨૪)(રહે.વૃંદાવનનગર સીંગરવા ગામ ઓઢવ) એ તા.૦૨/૦૪/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૮/૦૩/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ રીંગરોડ પામ હોટલ સામે “નેશનલ મોટર્સ” નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની બોલેરો પીકપ ડાલુ નંબર જીજે.૦૧.ડીવાય.૪૯૩૬ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પ્રજાપતી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૬૩/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** રમેશભાઇ ગાભાભાઇ ચાવડા (ઉ.વ.૪૪)(રહે.શ્રીનગર કોલોની બાબુનગર સોસાયટીની અંદર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પાલડી સરદારબ્રીજ નીચે વોક-વે નજીક નદીનાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** રવી સ/ઓ વિરેન્દ્ર પ્રજાપતી (ઉ.વ.૨૨)(રહે.ભક્તિનગર-૦૭ તપોવનનગર સીટી ગોલ્ડ સામે સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૩ બપોરના ૩/૩૦ થી સાંજના ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

**ખોખરાઃ** તુષાર સુનિલકુમાર રાઘવ (ઉ.વ.૨૧)(રહે. અમીધારા સોસાયટી, બેથલહેમ સોસાયટીની બાજુમાં ઇશ્વરકૃપા ચાર રસ્તાની બાજુમાં મણીનગર પુર્વ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**ઓઢવઃ** સુરેશભાઇ વિઠ્ઠલભાઇ કામળીયા (ઉ.વ.૩૯) (રહે.કે.પી.હાઇટ્સ વિરાટનગર રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી સાંજના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ સીંગરવા વેપારી મહામંડળ ઇન્ડીયન ગેસ ગોડાઉન પાસે પંજનીય એસ્ટેટ સેફરોન ફાસનર પ્રા.લી.નામના કારખાનામાં શેડ નં.૨૭/એ ખાતે ઓફીસમાં પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ લાભુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી